===========================================================

**<u>મહુવાના મહે. જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ,મહુવા.</u>**

**ફોજદારી કેસ નં.૨૧૬૦/૨૦૨૫**
**આંક :–**

ગુજરાત સરકારશ્રી વતી,
શ્રી યુ.આર. રાણપરીયા,
ખેતીવાડી અધિકારી, મહુવા,
નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ની કચેરી,
જી–૪, એનેક્ષી, બહુમાળી ભવન, ભાવનગર .......**ફરીયાદી**

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

(૧) એગ્રી બેઝનેસ સેન્ટર,
મુ.દયાળ, તા.મહુવા, જી.ભાવનગર.
(૨) ચૌહાણ મમતાબેન ઓધાભાઈ,
રહે. ૩૩, ચાર થાંભલા, વાડી વિસ્તાર, દયાળ,
તા.મહુવા, જી.ભવનગર.
(૩) *Manshya Enviro-Biotech Pvt. Ltd.*
*Gat No. 691, Sabie Vasti,*
*Opp. Sakal Papers Ltd.*
*Mastani talav Road, At. Wadki.*
*Pune.*
(૪) *Mr. Anil Atmaram Lad (Production Manager)*
*Mauli Residency, Hind Colony,*
*Falt No. 506, S.No.176/4,*
*Bnekarai Nagar Phursungi,*
*Pune.* ........ **આરોપીઓ**

<u>બાબત</u> :– જંતુનાશક દવા અધિનિયમ–૧૯૬૮ ની કલમ–૩(ક)(૧) મુજબ મીસ બ્રાન્ડેડ જંતુનાશક દવા બનાવ વેચાણ કરી ૧૭(૧) (ક) તેમજ ૧૮ (૧)(ગ) ના ભંગ બદલ ૨૯ મુજબની શિક્ષાને પાત્ર ગુન્હો.

## -: ચુકાદો :-

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આરોપીઓ વિરૂધ્ધ જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ ની કલમ-૩(ડ)(૧) મુજબ મીસ બ્રાન્ડેડ જંતુનાશક દવા બનાવ વેચાણ કરી ૧૭(૧) (ક) તેમજ ૧૮ (૧)(ગ) ના ભંગ બદલ ૨૯ મુજબ કેસ દાખલ કરેલ છે. જેથી આરોપીઓ સામે સદરહું અધિનિયમની જોગવાઈ મુજબનો ગુન્હાનો સમન્સ ઈસ્યુ કરેલ છે.

(૨) આ કામનાં આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ફરીયાદની નકલ વિના મુલ્યે પુરી પાડીને સદરહું ગુન્હા અંગેની આરોપીઓની આંક-૦૪ થી આંક-૦૭ સુધી પ્લી લેવામાં આવેલ. જેમાં તેઓએ ગુન્હો રાજીખુશીથી સ્વીકાર કરેલ છે અને આંક-૦૩ થી કબુલાત પુરસીસ રજુ કરી, તેમાં જણાવેલ કારણોસર પોતાનાં ઉપર દયા રાખવા અરજ ગુજારેલ છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુન્હો ન થાય તેની કાળજી રાખવાની ખાત્રી આપેલ છે તે કારણે પોતાનાં ઉપર દયા રાખવા અરજ કરેલ છે. જે ઘ્યાને લેતાં, આરોપીઓની સ્વૈચ્છીક કબુલાત ગ્રાહય રાખવાપાત્ર જણાય આવે છે.

(૩) આમ, આરોપીઓને આ કામે કાયદાએ ઠરાવેલ શિક્ષા કરવાની થાય તે સ્વાભાવિક છે. આજ રોજ ફરીયાદી ખેતીવાડી અધિકારીએ કબુલાત સામે વાંધો લીધેલ નથી. આરોપીઓ તરફે સમગ્ર હકિકતો તેમજ સંજોગો ઘ્યાને લઈ, ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. ત્યારે આરોપીઓ તરફે થયેલ ઉપરોકત સમગ્ર રજુઆતોને ઘ્યાને લેતાં, સમગ્ર સ્થિતિ, કેસની હકિકતને તથા સંજોગો ઘ્યાને લેતાં, આરોપીઓને નીચે મુજબની શિક્ષા કરવાનમાં આવશે તો આરોપીઓને તેની ભુલનું ભાન થશે જયારે ફરીયાદપક્ષે ન્યાયનો હેતું સિઘ્ધ થયેલ ગણાશે તેવું આ અદાલતને જણાતું હોય, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે ૨૦૦૫ (૨) જી.એલ.એચ. પાના નં.૭૦૯ ઉપર સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરચંદ હરચંદજી ઠાકોરનાં કેસમાં એવો સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકિકત ઘ્યાને લઈ કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ

ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા નીચેની અદાલતને છે. તેમજ સદરહું ચુકાદાનાં પાના નં.૭૨૧ ના પેરા નં.૨૧ માં જે કારણો જણાવેલા છે, તે વંચાણે લેતાં સદરહું ચુકાદો હાલનાં આરોપીઓનાં કેસને મદદરૂપ હોય તેમ જણાય છે. જેથી આરોપીઓ ઉપર ઘરની જવાબદારી અને તેનાં કંટ્રોલ બહારનાં સંજોગોને લીધે થયેલ ગુન્હાનાં સંજોગોને ધ્યાને લઈ તેમજ કેસની હકિકત પણ ધ્યાને લઈ આરોપીઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને તેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામનાં આરોપી નં. (૧) થી (૪) નાઓને જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ ની કલમ-૩(ડ)(૧) મુજબ મીસ બ્રાન્ડેડ જંતુનાશક દવા બનાવ વેચાણ કરી ૧૭(૧) (ક) તેમજ ૧૮ (૧)(ગ) ના ભંગ બદલ ૨૯ મુજબ તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો આરોપી નં. ૨ તથા નં.૪ નાઓને ૭ દિવસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

આ કામે કુલ રૂા.૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) નો દંડ વસુલ લેવો.

હુકમ આજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સ્પેશયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬<br>
મહુવા.

(જયેશકુમાર બાબુભાઈ શર્મા)<br>
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,મહુવા<br>
કોડ નં.જીજે૦૧૬૨૩

<u>એ.એમ.વાળા</u>